R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 27 DATE: 04-07-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## મહારાષ્ટ્રમાં મદરેસા મુળ શિક્ષણ નહીં આપે તેમની માન્યતા રદ કરી દેવાશે

મહારાષ્ટ્ર સરકારે વિજ્ઞાન,ગણિત અને સમાજવિજ્ઞાન જેવા વિષયો નહીં ભણાવતી મદરેસા અથવા ઈસ્લામી શિક્ષણની શાળાઓ અને અન્ય કોઈ પણ સંસ્થાઓની માન્યતા રદ કરી છે.સામાજિક ન્યાય ખાતાના રાજયકક્ષાના પ્રધાન દિલિપ કાંબળેએ એવી જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર તરફથી મંજુર કરાયેલ અભ્યાસક્રમને નહીં અનુસરનારી શાળાઓને હવે શાળાઓ તરીકે માન્યતા નહીં અપાય. તેથી મદરેસાઓમાં અથવા માત્ર મઝહબી અભ્યાસ પર આધારિત અન્ય કોઈ પણ સંસ્થાઓમાં અભ્યાસ કરનારા બાળકોની શાળાના વિદ્યાર્થીઓ તરીકે ગણતરી નહીં કરાય.

ભાજપના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર સરકારે ચાલુ માસની શરુઆતમાં રાજયમાં મદરેસાઓને સરકારી ભંડોળને મેળવવાનું ચાલુ રાખવા માટે તેમના અભ્યાસક્રમમાં ઔપચારિક વિષયોનો સમાવેશ કરવા જણાવ્યું હતું. તે સમયે મહારાષ્ટ્રના લઘુમતી બાબતોના પ્રધાન એકનાથ ખડસેએ કહ્યું હતું કે જીવનમાં તમામ ક્ષેત્રોમાં લઘુમતી આગળ વધે એવું અમે ઈચ્છીએ છીએ, તેથી એ જરુરી છે કે તેઓ વિદ્યાર્થીઓને મઝહબી તાલીમ આપે ત્યારે સાથોસાથ અન્ય વિષયોનું જ્ઞાન આપે, તેથી આ ચાર વિષયો શીખવવાનું મદરેસાઓ માટે ફરજીયાત બનાવાનો અમોએ નિર્ણય લીધો છે.

કરવામાં આવેલ આદેશમાં જણાવાયું છે કે રાજયમાં અનૌપચારિક શિક્ષણ ક્ષેત્રમાં ભણાવાતા વિદ્યાર્થીઓની ગણતરી કરવા સર્વેક્ષણ હાથ ધરવાની મહારાષ્ટ સરકારની યોજના છે.ખડસેએ કહ્યું હતું કે મદરેસા વિદ્યાર્થીઓને મઝહબ અંગેનું શિક્ષણ આપે છે અને ઔપચારિક શિક્ષાણ આપતી નથી.બંધારણ જણાવે છેકે ઔપચારિક શિક્ષણ મેળવવાનો દરેક બાળકને અધિકાર છે. જે શિક્ષણ મદરેસા પુરુ પાડતી નથી.

ઔપચારિક શિક્ષણ પુરુ નહી પાડતી મદરેસાઓમાં ભણનારા વિદ્યાર્થીઓની શાળા બહારના વિદ્યાર્થીઓ તરીકે ગણના કરાશે.આવુ કરવા પાછળનો અમારો ઉદ્દેશ્ય એવો છે કે લઘુમતી કોમનું દરેક બાળક ભણવાની તક મેળવે અને ઉજ્જવળ - સમૃધ્ધ ભવિષ્ય ધરાવે એમ ખડસેએ ઉમેર્યુ હતું.તેમણે વધુમાં કહ્યું હતું કે કોઈ હિંદુ અથવા ખ્રિસ્તી બાળક મદરેસામાં ભણવા માંગે તો તેમને ત્યાં અભ્યાસ કરવા નહીં દેવાય, તેથી મદરેસા શાળા નથી.પરંતુ ધાર્મિક તાલિમનું કેન્દ્ર છે.તેથી અમે વિદ્યાર્થીઓને અન્ય વિષયો શિખવવા તેમને જણાવ્યું છે.તેમણે કહ્યું કે રાજયમાં નોધાયેલી ૧૮૯૦ મદરેસાઓમાંથી ૫૫૦ મદરેસાઓ વિદ્યાર્થીઓને ચાર વિષયો શીખવવા સંમત થઈ છે.આ માટે અમો પુરતુ ભંડોળ આપવા તેમજ શૈક્ષણિક સ્ટાફ પુરો પાડવા તૈયાર છીએ.

## વડાપ્રધાન નો ડિજિટલ ઈન્ડીયા યોજનાનો આરંભ,વચનોનો આશાવાદ



વડાપ્રધાને દિલ્હીના ઈન્દીરા ગાંધી સ્ટેડિયમ ખાતે તેમની મહત્વાકાંક્ષી યોજનાની ઘોષણા કરી હતી.ઈન્ફર્મેશન ટેકનોલોજી અને તેના ટુલ્સના ઉપયોગ સાથે સેવાઓના વિસ્તરણ અને જન સશક્તિકરણના વ્યાપક ભાગરુપે ડિજીટલ ઈન્ડીયા સપ્તાહનો તેમણે પ્રારંભ કર્યો હતો.આ યોજના અંતગર્ત તેમની સરકાર ૨૦૧૯ સુધીમાં દેશની તમામ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ સેવાઓથી જોડવા,તમામ શાળાઓ અને યુની.માં વાઈફાઈ સુવિધા અને મહત્વના શહેરોમાં જાહેર વાઈફાઈ સ્પોટ ઉભા કરવાનો લક્ષાંક ધરાવે છે.તે ઉપરાંત આરોગ્ય,શિક્ષણ,કૃષિ અને બેકિંગ જેવા જનજરુરીયાત વાળા ક્ષેત્રોને ડિજીટલ ઈન્ડીયા યોજનામાં સાંકળવામાં આવશે.આ યોજનામાં કોર્પોરેટ સેકટર દ્વારા ૪.૫ લાખ કરોડનું રોકાણ કરાશે. અને તેને પગલે દેશમાં ૧૮ લાખ નોકરીઓ પેદા થઈ શકશે.ઈ-ગવર્નન્સ હવે મોબાઈલ ગવર્નન્સ માં તબદીલ થઈ જશે.

## વડાપ્રધાન કેરાલાના સેંટ થોમસ ચર્ચની મુલાકાત લેવાની સંભાવના

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી જુલાઈ ઓગષ્ટ માસમાં કેરાલાની મુલાકાતે જવાના છે. ત્યારે કેરાલા ખાતે આવેલા સદીઓ જુના ચર્ચની મુલાકાત લેનાર છે. કેરાલામાં મુઝીરીસ હેરીટેજ પ્રોજેક્ટ, જે કેરાલા ટુરીઝમ દ્વારા તૈયાર કરાયો છે તેના ઉદ્ઘાટન પ્રસંગે તેઓ ત્યાં જનાર છે.ત્યારે કેરાલા ખાતે કોડુન્ગાલર ડીસ્ટીક ખાતે આવેલ સેંટ થોમસ ચર્ચની મુલાકાત લેશે.એવું માનવામાં આવે છે કે ઈસુ ખ્રિસ્તના શિષ્ય પૈકીના સેંટ થોમાસ દ્વારા આ ચર્ચ બનાવવામાં આવ્યું હતું અને ભારતનું સૌથી જુનામાં જુનુ આ ચર્ચ છે.

શ્રી મોદી કેરાલાની મુલાકાત દરમિયાન ચેરીમાન જુમા મસ્જીદની પણ મુલાકાત લેનાર છે જેને ૬૨૯ એ.ડી.માં બાંધવામાં આવી હતી.અને મલિક બિન દિનાર દ્વારા આ મસ્જીદ બંધાઈ હતી.જેને કોનટેપોનરી ઓફ ચેરીમાન પીરુમલ, કોડુન્ગલેરના રાજા તરીકે ઓળખવામાં આવે છે.જેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો.

વડાપ્રધાન મોદી કોડુન્ગલર કુન્હીકુટટ્મ થામપુરન મેમોરીયલ ગર્વમેન્ટ કોલેજના ગ્રાઉન્ડ ઉપર ચોપર દ્વારા ઉતરાણ કરશે.તેઓ મુઝીરીસ પ્રોજેકટ,ઈન્ટરનેશનલ રીસર્ચ એન્ડ કન્વેન્શન સેન્ટરનું પણ ઉદઘાટન કરશે.આ ઉપરાંત કેરાલાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન કોડુન્ગલર ભગવતી મંદિરની પણ મુલાકાત લેશે અને ત્યાં તેઓ પુજાપાઠમાં ભાગ લેશે

## ટ્રેઇનમાં પ્રવાસીઓ પોતાની સીટ ઉપર મનપસંદ ભોજન મંગાવી શકશે

રેલ્વેની મુસાફરી કરનારા પ્રવાસીને માટે હાલમાં કેટલીક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે તે પૈકીની એક નવી સુવિધા શરુ કરવામાં આવી રહી છે. તે એ છે કે રેલવેમાં મુસાફરી કરનારો પ્રવાસી સફર દરમિયાના તેમની સીટ ઉપર તેની મનપસંદગીનુ ભોજન મંગાવી શકશે.

આઈઆરસીટીસીએ ઈ- કેટરીંગની સુવિધા શરુ કરવાનો નિર્ણય લીધો છે.દેશભરની ૧૧૪૪ જેટલી ટ્રેનોમાં આ સુવિધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.પ્રવાસીઓએ ગુણવત્તા યુક્ત જમવાનું મળી રહે તે માટે આઈઆરસીટીસીએ બ્રાન્ડેડ કંપનીઓ સાથે કરાર કર્યા છે.હાલમાં ટ્રેનોમાં કે સ્ટેશન પર મળતું જમવાનું ગુણવત્તા યુક્ત ન હોવાને લીધે ઘણી ફરિયાદો મળી રહી છે.ત્યારે આઈઆરસીટીસીએ થોડાક સમય પહેલાં પાયલોટ પ્રોજેકટ અંતગર્ત ઈ-કેટરીંગની સુવિધા અમલી બનાવી હતી.જેમાં પ્રાથમિક ધોરણે ૨૦૧ જેટલી ટ્રેનોમાં સુવિધાનો સમાવેશ કરાયો હતો.આ સુવિધા યાત્રીઓએ પસંદ કરતાં અન્ય ૧૧૪૪ટ્રેનોમાં આ સુવિધાનો સમાવેશ કરાયો છે.ઈ-કેટરીંગ માટે આઈઆરસટીસીએ ડોમિનોઝ,બીકાનેરવાલા, લાઈટ બાઈટ,ફુડ્સ ટ્રાવેલ ફુડ જેવી નામચીન કંપનીઓ સાથે એમઓયુ કર્યું છે. રેલ મંત્રાલયે લીલી ઝંડી આપ્યા બાદ ટ્રેનોમાં ઈ- કેટરીંગની સુવિધા શરુ કરી દેવાશે.

પ્રવાસીઓએ ઈ-કેટરીંગમાં જમવાનું ઓનલાઈન બુક કરાવવાનું રહેશે.જેમાં સ્ટેશનના નામ, કોચ અને ફોન નંબર નો પણ ઉલ્લેખ કરવાનો હોય છે.સ્ટેશન આવતાં જ યાત્રીને તેમની સીટ પર સીલબંધ પેકટમાં ભાવતું બ્રાંડેડ જમવાનું મળી રહેશે.આમ સારુ જમવાનુ યાત્રીઓને મળી રહેશે તો લાંબી મુસાફરી કરનારા મુસાફરોને ફાયદો રહેશે.બિમારીઓનો ભોગ બનશે નહી.

## સમગ્ર દેશમાં હવેથી મોબાઈલ પોર્ટેલીટી લાગુ

સમગ્ર દેશમાં ફુલ મોબાઈલ નંબર પોર્ટેબિલીટી લાગુ કરવામાં આવી છે.બીએસએનએલ, એમટીએનએલ, એરટેલ, વોડાફાન, આઈડીયા અને આરકોમ મોબાઈલ પોર્ટેબીલીટી શરુ કરશે.મોબાઈલ નંબર પોર્ટેબીલીટી લાગુ થતાં ટેલીકોમ સર્કલ કે રાજ્યની બહાર જવા પર હવે મોબાઈલ નંબર બદલવાની જરુર નહી પડે.આ માટે ડીઓટીએ મોબાઈલ ઓપરેટર્સને નેશનલ નંબરીંગ પ્લાનમાં ફેરફાર કર્યા છે.

પોર્ટેબીલીટી લાગુ થતાં ઉપભોક્તાઓ સ્રવિસ પ્રોવાઈડર બદલ્યા છતાં પોતના વર્તમાન નંબર યથાવત રાખી શકશે.એરટેલે આ ફેરફારની શરુઆત કરી દીધી છે.આ અંગેની કેટલીક માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવી છે જેનો ઉપયોગ કરતાં ઉપભોકતાઓને આ સવલતોનો લાભ મળી શકશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતીય જનતા પાર્ટીએ દેશમાં લોકસભાની ચુંટણીઓ બહુમતીએ જીતીને સત્તાના સુત્રો હાંસલ કર્યા.સત્તાના પુરા થયેલા કાર્યકાળને હજુ માંડ એકાદ વર્ષની સીમા વટાવી ત્યાં સુધી અનેક એવી બાબતો ઉડીને આંખે વળગી છે કે સત્તા માટેની તેમણે લાયકાત કેળવેલી નથી.સભ્યતા,સંસ્કાર,શિસ્ત વિગેર જે બાબતોની અપેક્ષા રાખવી પડે તે લેશમાત્ર દેખાતી નથી.વડાપ્રધાન આ બાબતે થોડુ ઘણું બોલ્યા છે પરંતુ તેમના ઠપકાની નોધ તેમના સાથીઓ દ્વારા લેવાઇ નથી. તેમને એમ લાગે છે કે જાહેરમાં આવું બોલવું પડે. પરંતુ તમ તમારે તમારી રીતે વર્તવા રહો કે કરતાં રહો,કોઇ આપણું કશું બગાડી શકશે નહી.હવે ચુંટણી ટાણે ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ આપેલ વચનો અને કરેલ મોટી મોટી વાતો બુમરેંગ સાબિત થઇ રહી છે.પાકિસ્તાનમાં ઘુસી જઇને દાઉદનો કાન પકડીને આપણે લઇ આવીશું.જેમ અમેરીકાએ બિન લાદેનને તેમની ધરતી પર ઠાર કર્યો તેવું પરાક્રમ આપણે કરીશું આ બધું બુમરેગ સાબિત થઇ રહ્યું છે.દાઉદના એક સાથીએ જાહેરમાં જે સ્ટેટમેંટ આપ્યું તેનાથી તો સરકારને નીચે મોઢે થવા જેવું છે.શકીલે એવું કહ્યું કે દાઉદ બકરી નથી કે તમે તેનો કાન પકડીને લઇ આવો.

મ્યાનમારના છીંડા પર જઇને બે પાંચને મારી આવીને જે શેખી ઠોકી તેમાં પણ સરકાર માટે આ વાર્તા બુમરેગ સાબિત થઇ.વિદેશી નીતિમાં સરકારે પડોશી દેશોના નેતાઓ માટે લાલ જાજમ પાથરીને તેમની જે સરભરા કરી તેનો પ્રત્યુત્તર તેમણે કેવી રીતે આપ્યો તે જગ જાહેર છે.સરભરાની વાત તો બાજુ પર રહી પરંતુ ચીને તો આપણને રીતસરની ધમકી પણ આપી દીધી છે.પાકિસ્તાને પણ એજ રીતે કહ્યું છે.ખોટી ગીધડ ભભકીઓ જેમ દેશની ફુટપાથો પર લુખાઓ કરતા હોય છે તેવી વાર્તાઓ દેશની વિદેશી નીતિમાં ચાલી શકે નહી.

લોકોના ખાતામાં વિદેશના ના કાળા નાણાં લાવીને જમા કરાવાશે એ પણ બુમરેગ સાબિત થયું.હવે તો દેશમાંથી અબજો રુપીયા સટ્ટાબાજો બહાર લઇ ગયા તેની પણ રોકી શકતા નથી ત્યાં પરદેસી બેંકો માંથી નાણાં પાછા લાવવાની વાતતો બાજુ પર રહી ગઇ.લલિત મોદીએ માત્ર વડાપ્રધાન પર જ માંછલા ધોવાના બાકી રાખ્યા છે.કારણકે ગુજરાત ક્રિકેટ એસોસીએસનના બે મહત્વના હોદ્દાઓ પર વડાપ્રધાન અને અમિત શાહ આઇપીએલની મેચો વખતે હોદ્દેદારો તરીકે હતા.હજુ અમિત શાહતો ગુજરાત ક્રિકેટ એસોસીએશનનો હવાલો સંભાળે છે.બની શકે કે લલિત મોદી ક્રિકેટની રમાતી ટવેન્ટી ટવેન્ટી આઇપીએલના કમિશ્નર તરીકે મળ્યા પણ હોય.જાહેર વ્યક્તિઓ જાહેર કાર્યક્રમોમાં સાથે હોય અને તે વખતેના ફોટોગ્રાફ હોય તો તેનાથી એવું માની કેમ શકાય કે આ લોકો આ કૌભાંડમાં ભાગીદાર હતા.માત્ર ને માત્ર લમોને સહુ પ્રથમ પકડી લાવીને દેશમાં તેમની સામે કામ ચલાવવું જોઇએ.દેશની સરકારને દેશની તિજોરીને નુકશાન પહોચાડવાનાને પકડી લાવવામા ક્યો કાયદો નડે છે.કે પછી દેશભરના અનેક નેતાઓની સંડોવણી સાબિત થાય તેમ છે.

વડાપ્રધાનની સરકારને મહિલાઓ પ્રત્યે બહુ પ્રેમ હતો.હવે આ પ્રેમ તેમને ભારે પડી રહ્યા છે.સરકારમાં જોડાયેલ તમામ મહિલાઓએ સરકારને માટે ભારે કસોટીનો કાળ ઉભો કર્યો છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# દેશના શિક્ષણમંત્રીની શૈક્ષણિક લાયકાત પર જ પ્રશ્નાર્થ,સ્મૃતિ ઇરાની સામે કેસ ચલાવવા કોર્ટની મંજુરી

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઇરાનીની શૈક્ષણિક લાયકાત અંગેની ખોટી માહિતી આપવા માટે તેમના વિરુધ્ધ નોધાયેલ ફરિયાદની કોર્ટે નોંધ લીધી છે.મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ આકાશ જૈને મંત્રી સામેની ક્રિમિનલ ફરિયાદ દાખલ કરતાં જણાવ્યું હતું કે હું આ કેસમાં આરોપો પહેલાનાં પુરાવાની સુનાવણી ૨૮મી ઓગષ્ટે હાથ ધરીશ.કેન્દ્રીય મંત્રી સામે પુરાવા યોગ્ય જણાશે તો તેમને અદાલતમાં એક આરોપી તરીકે હાજર થવા આદેશ આપવામાં આવશે.

ફ્રીલાન્સ લેખક અહેમદખાને સ્મૃતિ વિરુધ્ધ ફરિયાદ કરી છે. તેમણે સ્મૃતિ ઇરાની લોકસભા અને રાજ્યસભાની ચુંટણીઓમાં ઉમેદવારી પત્રો ભરતી વખતે ચુંટણી પંચ સમક્ષ શૈક્ષણિક લાયકાત અંગે જુદી જુદી માહિતી રજુ કરવાનો આરોપ મુક્યો છે.કેન્દ્રીય મંત્રીએ ન કેવળ પોતાની શૈક્ષણિક લાયકાત અંગે ખોટી માહિતી રજુ કરી છે પરંતુ તેમની અસલ સંપત્તિ અંગે પણ ખોટી માહિતી આપી હોવાનો આરોપ છે.

આપણા દેશની ખુબી ગણો કે કમનસીબી જે વ્યક્તિના હાથમાં દેશના ઉચ્ચ શિક્ષણની ડોર છે, જેના એક આદેશથી આઇઆઇએમ અને આઇઆઇટી જેવા પ્રવાહોની તરેહ બદલી જાય છે એ માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઇરાની ખુદ ડીગ્રીના વિવાદમાં ફસાયા છે. તેઓ ખરેખર કેટલું ભણેલા છે એ તો ભગવાન જાણે પણ તેમણે સોગંદનામામાં જે વિગતો આપી છે તે જુદી જુદી છે.હવે આ મામલો કોર્ટમાં ચાલવાનો છે.ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ મહિલાઓ સુષ્મા સ્વરાજ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને મહારાષ્ટ્રના એક મહિલા મંત્રી સહિત એક વધુ મહિલા મંત્રી સ્મૃતિ ઇરાનીનું નામ વિવાદના વંટોળમાં આવેલું છે.

કોઇપણ ચુંટણી લડતી વેળાએ ચુંટણી પંચ સમક્ષ સોગંદનામુ કરવાનું હોય છે. તેમાં મિલ્કત ઉપરાંત બીજી અનેક બધી વિગતો આપવાની હોય છે.આ સોગંદનામામાં મિલકતો અંગેની જે માહિતી આપવામાં આવે છે તેના પરથી કોણ સૌથી વધુ ધનિક છે તે સ્પષ્ટ થાય છે.અભ્યાસ અંગેની વિગતોની પણ ચર્ચા થાય છે.નવી દિલ્હીના આપના ચુંટાયેલ ધારાસભ્ય અને કાયદા મંત્રી બનેલા જીતેન્દ્રસિંહ તોમર આવી બોગસ ડીગ્રીના મામલે આરોપી સાબિત થઇ ચુક્યા છે અને હાલમાં જેલમાં છે.

સ્મૃતિ ઇરાનીએ ૨૦૦૪માં લોકસભાની ચુંટણી લડતી વખતે કરેલા સોગંદનામામાં માહિતી આપી હતી કે તેમણે ઇ.સ.૧૯૯૬માં દિલ્હી યુની.માં પત્રવ્યવહાર કોર્સ દ્વારા બી.એ. કર્યુ છે. ગુજરાતની રાજ્યસભાની બેઠક પર ઉમેદવારી કરતાં ૧૧મી



જુલાઇ,૨૦૧૧ના રોજ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે તેમણે દિલ્હી યુની.માં બી.કોમ પાર્ટ ૧ કર્યુ છે.ગયા વર્ષે યોજાયેલ લોકસભાની ચુંટણીમાં તેઓ અમેઠીમાંથી કોગ્રેસના રાહુલ ગાંધી સામે ચુંટણી લડ્યા હતા અને હારી ગયા હતા.

આ ચુંટણીમાં ઉમેદવારી કરતી વેળાએ કરેલ સોગંદનામાંમાં તેમણે ૧૬મી એપ્રિલ,૨૦૧૪ના રોજ જણાવેલ કે તેઓએ દિલ્હી યુની.ની સ્કુલ ઓફ ઓપન લર્નિંગમાંથી બી.કોમ.પાર્ટ ૧ કર્યુ છે.આમ દરેક વખતની તેમણે સોગંદનામામાં આપેલ માહિતી ડીફર થાય છે.આ અંગે ફ્રીલાન્સ લેખક અહેમદખાને અદાલતમાં અરજી કરી હતી આ બધા સોગંદનામાની વિગતોમાં કોઇ ગોલમાલ જરુર છે.તેથી તેમની સામે કેસ ચાલવો જોઇએ.આ અરજી અને તેમાં આપેલી વિગતો કેસ ચલાવવા યોગ્ય છે કે કેમ તે વિશે અદાલતે વિચાર કરવાનો હતો. આખરે પતિયાલા કોર્ટે આ કેસ દાખલ કરવા યોગ્ય ગણ્યો છે.

આમ તો જેમ દિલ્હીના કાયદામંત્રી તોમર માટે જે રીતે તપાસ કરવામાં આવી તેમ દિલ્હી યુની.માં તપાસ કરીને તરતજ માહિતી મેળવી શકાય તેમ છે.અને સ્મૃતિ ઇરાની ખરા છે કે ખોટા તે ઝડપથી ખબર પડી શકે તેમ છે.પરંતુ અદાલતના મામલાઓ માં ઝડપ નથી થતી.હવે આ કેસ પતે ત્યાં સુધી સ્મૃતિ અને ભાજપમાં અનેક વિવાદો ચાલતા રહેશે.

સ્મૃતિ ઇરાનીએ એક વખત કહેલું કે તેઓ કંઇ અભણ નથી.તેમના કહેવા મુજબ તેમની પાસે યેલ યુની.ની ડીગ્રી પણ છે.હવે તે સાચુ છે કે ખોટું તે તેઓ જ જાણે. પરંતુ તેઓ ૨૦૧૩માં અગિયાર સાંસદોના ગ્રુપ સાથે અમેરિકા ગયા હતા અને આ સાંસદો યેલ યુની.ના છ દિવસના લિડરશીપ પ્રોગ્રામમાં ભાગ લેવાના હતા.આવા કોર્સમાં ભાગ લીધા પછી સર્ટી આપવામાં આવે છે.હવે તેઓ તેને જો ડીગ્રી સર્ટી. કહેતા હોય તો જુદી વાત છે.એ વખતે તેમણે વટમાંને વટમાં કહ્યું હતું કે તમે કોર્ટમાં જાવ,હું કોર્ટમાં જણાવીશ.હવે સાચે જ મામલો કોર્ટમાં ગયો છે.

કોઇપણ વ્યક્તિ સોગંદનામામાં ખોટી વિગતો રજુ કરે તો તેને વધુમાં વધુ છ મહિનાની સજા થાય અને દંડ થાય. અને જો તમે મોટી વ્યક્તિ હો તો નૈતિકતાની વાત આવે છે.તેથી તમારે રાજીનામુ આપવું પડે.હવે રાજીનામાની વાત આવી ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યુ કે અમે એનડીએ વાળા છીએ, યુપીએ વાળા હોત તો રાજીનામુ આપી દેતા,પરંતુ એનડીએ વાળા રાજીનામું ના આપે.એટલે હવે નૈતીકતાની વાત બાજુ પર કોરાણે મુકાઇ ગઇ.પક્ષને જે નુકશાન થવાનું છે તે થઇ ગયું.લોકો જાણશે કે આજકાલ બધેજ એવું ચાલે છે.એમાં નવીન શું છે.મેનજેમેન્ટની ડીગ્રી વગરનો મોટા ઉદ્યોગો સફળતા પુર્વક ચલાવે છેને એમ ડીગ્રી વગરના લોકો શિક્ષણ ખાતુ કેમ ના ચલાવી શકે.એટલે હવે વિવાદ કરવાનું બંધ કરો અને એનડીએને રાજ કરવા દો.લોકસભા કે રાજસભાની કાર્યવાહી બંધ કરવાની વાત વિરોધ પક્ષોએ પડતી મુકવી જોઇએ.જે તેઓ કરતા હતા તે હાલના વિપક્ષોએ કરવું જોઇએ નહી તેવી સલાહો હવે એનડીએના નેતાઓ વિરોધપક્ષોને આપી રહ્યા છે.

કોગ્રેસે સ્મૃતિનું રાજીનામું માંગ્યું છે.એમનું એમ કહેવુ છે કે તેઓ જે હોદ્દા પર છે તેનાથી અદાલતની કાર્યવાહી પર અસર થઇ શકે છે.જ્યાં સુધી કેસ પતે નહી ત્યાં સુધી તેમણે હોદ્દાનો ત્યાગ કરવો જોઇએ.પરંતુ સરકાર હવે એક પછી એક અચ્છે દિન માણી રહ્યું છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


### જાણવા જેવું !

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઇન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઇંચ હતું.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનને ભસીને,માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઇતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઇચ્છા ઝાઝી બર આવ ી નથી.એ કહી શકાય.પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઇતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઇ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામાં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઇ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઇન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઇન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઇન્ડીય શ્વાન કે ઇન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઇતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આદર્શ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આદર્શ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગરનો ડાધિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઇન્દ્રાણીને ઇન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઇન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઇક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જુદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઇ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતને વફાદાર છે.સમજ્યા ! કોમનમેનની વફાદારીને અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઇમાં પ્રથમ બટકું ભરવાનો હક્ક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઇ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ(સૌ. સંદેશ)

અનુ. પાન નં. ૪ નુ ચાલુ

જળવાઇ રહે તે જરુરી છે. ફુલ,ઝાડ,વૃક્ષો,વનસ્પતિઓ પણ આ બાયો ડાઇવર્સીટીની જાળવણી માં મુખ્ય ભાગ ભજવે છે.પરંતુ આપણા રસ્તાઓ કે મોટી સોસાયટીઓ અને કારખાના બાંધવા માટે જેટલી ઘાતકી રીતે અને નિર્દયતાપુર્વક આપણે વૃક્ષોનો સોથ વાળીએ છીએ અને જે જતનપુર્વક વિકાસના નામે રસ્તા,સ્કાય-સ્કપેર્સ,કારખાના બનાવીએ છીએ તેટલી જ કાળજી,દિલચસ્પી,લગન અને જતનથી વૃક્ષો વાવવાની જરુર છે. તેમા આપણે સદંતર ઉણા ઉતરીએ છીએ.

સરકારો હોય કે સંસ્થાઓ કે વ્યક્તિગત નાગરિકો તરીકે આપણે વૃક્ષો પ્રત્યે આપણી જવાબદારી અદા કરવામાં મહદ્ અંશે ડાંડાઇ કરીએ છીએ. તુલસીને કે પીપળાને જળ ચઢાવીને પુજા કરીએ છીએ, ગણપતિ પુજન વખતે ધરો અથવા દુર્વા અથવા મંડપ મુર્હત વખતે શમીની ડાળખીનું પુજન કરીએ,વટસાવિત્રીમાં વડના ઝાડને સુતરની આંટી ચઢાવીએ,વડના પાંદડા પર સુતેલા બાલકૃષ્ણનું વટસ્ય પત્રસ્ય પુટે શયનમ,બાલ મુકુંદમ મનસા સ્મરામિ, ગાઇને ગદ્ગદ્ પણ થઇએ, પરંતુ આપણા બીજા માળના ફ્લેટની બારીમાં નજીકના કોઇ ઝાડની ડાળખી દેખાય તો આખુ ઝાડ મુળ સોતું કપાવી નાંખતા આપણને ધ્રાસકો પડતો નથી.વૃક્ષો માટે આપણને એટલા સંવેદનશીલ બની ગયા છીએ.આ તબક્કે એક ખાસ કિસ્સો એટલા માટે યાદ આવે છે ,કારણકે હું તેનો સભ્ય છું. વર્ષ ૧૯૯૮ કે ૧૯૯૯ની રિલાયન્સ શેરહોલ્ડરોની વાર્ષિક સાધારણ સભા જામનગરમાં ધીરુભાઇ અંબાણીએ કહ્યું હતું કે અમે જ્યારે જામનગર રિલાયન્સની સ્થાપનાની વાત કરી ત્યારે વન વિભાગે અમન કહ્યું દતું કે તમે રિફાયનરીની આજુબાજુ ગ્રીન બેલ્ટ સ્વરુપ ૨ લાખ વૃક્ષો વનસ્પતિઓ વાવવી પડશે.ત્યારે અમે વન વિભાગને કહ્યું કે બે લાખ ? અમે ૨૦ લાખ વૃક્ષો વાવવાનું લક્ષાંક ધરાવીએ છીએ.અને ખરેખર ધીરુભાઇએ જોતજોતામાં એવો વિશેષ ગ્રીન બેલ્ટ જામનગરમાં વિકસિત કર્યો અને ત્યાં ૩૦ લાખથી વધુ વૃક્ષો વનસ્પતિઓનું હરિયાળુ આચ્છાદાન ઊભુ કર્યું. આ તેમના પ્રતિબધ્ધતા હતી,વૃક્ષો માટે, પર્યાવરણ માટે.

આઇ.પી.સી.એલ ના ભુતપુર્વ ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર તથા આપણા માજી વડા પ્રધાન મોરારજીભાઇ દેસાઇના નિજિ સચિવ રહી ચુકેલા પ્રખર વિદ્વાન હસમુખ શાહે તેમના તાજેતરમાં જ પ્રકાશિત દીઠું મે.... નામના પુસ્તકમાં પર્યાવરણની જાળવણી,ગ્રીન બેલ્ટ વગેરે અંગે ઇકોલોજી કમિશનના અધ્યક્ષ તરીકે હસમુખભાઇને રિલાયન્સના અધ્યક્ષ ધીરુભાઇ અંબાણી સાથે થયેલી ચર્ચા,વિચાર વિમર્શ અને કાર્યોનું એક પ્રકરણ લખ્યું છે. તેમાં તેમણે કહ્યું છે કે ઇકોલોજી કમિશનમાં અમે હતા ત્યારે આ બધાનું મોનિટરીંગ કરતા....ધીરુભાઇનો અભિગમ હકારાત્મક હતો. (અન્ય)સિમેન્ટ (કંપની)એ રમતો રમી એવું ધીરુભાઇએ નહોતું કર્યું.

લેખક : પરિમલ નથવાણી. (રાજયસભાના સાંસદ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ છે )

ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.

કર્ણાટકના શિક્ષણમંત્રી બી.સોમેશ્વર પરીક્ષામાં ચોરી કરતાં પકડાયા હતા.

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઇની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઇલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઇ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# આજે જે કુદરતનો કહેર આપણે વેઠી રહ્યા છીએ તે ગ્લોબલ વોર્મિમના પડકારોને પહોચી વળી શકીશું

ગ્લોબલ વોર્મિંગ થતું રહેશે. પહાડો ઉપરનો બરફ ઓગળતો રહેશે. ભેખડો તુટતી રહેશે.નદીઓ પ્રવાહ બદલતી રહેશે.જમીન ધસતી રહેશે.ધરતીકંપો થતાં રહેશે.જમીન અને દરિયાના પેટાળમાંથી તેલ,ગેસ, કોલસો,અને અન્ય ખનીજો નીકળતીજ રહેશે.ઉલ્કાઓ ખરતી રહેશે.આ બધાં વચ્ચે પણ જીવસૃષ્ટિ ચાલતી રહેશે.

ગ્લોબલ વોર્મિંગની ઐસીતૈસી કરવાવાળાઓના ઉત્સાહમાં વધારો થાય તેવા એક સમાચાર છે કે ૧૯૯૮-૨૦૧૨ ના ૧૫ વર્ષો દરમિયાન પૃથ્વીના ઉષ્ણતામાનમાં સરેરાશ દાયકા દીઠ માત્ર ૦.૫ અંશ સેલ્સિયસના દરે વધારો થયો.૧૯૫૧-૨૦૧૨ના સમયગાળા દરમિયાન ગ્લોબલ વોર્મિંગના દર દરેક દાયકા દીઠ ૦.૧૨ અંશ સેલ્સીયસ હતો જે ઘણો વધારે હતો. જો કે કલાઈમેટ ચેન્જના વિજ્ઞાન વિશે વૈજ્ઞાનિક સમાજમાં ઘણી સમજ હજુ પણ કેળવાઈ રહી છે.કારણ કે આ બાબતમાં ઘણી અચોક્કસતાઓ પ્રવર્તે છે. ક્લાઈમેટ ચેન્જને અનુલક્ષીને જે ભવિષ્યનં પરિદશ્ય રજુ કરવામાં આવે છે તેમાં પર્યાવરણને થતાં નુકશાન ઉપર જ વધુ ભાર મુકવામાં આવે છે.પૃથ્વી અને તેના લોકો વચ્ચેનો જે સબંધ સેતુ છે તે વિશે બહુ ઓછુ ધ્યાન અપાય છે.તેથી જ વૈજ્ઞાનિકો એમ કહે છે કે બે અંશ સેલ્સિયસથી વધુ ઉષ્ણતામાનના સ્તરનું ક્લાઈમેટ ચેન્જ ટાળવું દુનિયા માટે અનિવાર્ય છે.કારણકે આ સ્તર ભયજનક છે.

આ સંદર્ભમાં વાતાવરણમાં કેટલો કાર્બન છોડવો તે મહત્વપુર્ણ બની જાય છે.બે અંસ સેલ્શીયસ ઉષ્ણતામાનના ક્લાઈમેટ ચેન્જને વાસ્તવિકતા ન બનવા દેવું હોય તો વિશ્વ માત્ર ૮૦૦ થી ૮૮૦ ગીગા ટન જેટલો જ કાર્બન વાતાવરણમાં છોડી શકે છે.તેમાંથી વર્ષ ૨૦૧૧ સુધીમાં ૫૩૦ ગીગા ટન જેટલો કાર્બન વાતાવરણમાં ઉત્સર્જીત કરી જ દેવાયો છે.વર્ષ ૨૦૩૦ સુધીમાં સમગ્ર વિશ્વમાં વૈશ્વિક મધ્યમ વર્ગના લોકોન સંખ્યા ત્રણ ગણી વધી ગઈ હશે.તેથી મુખ્ય મુદ્દો હવે એ છે કે આપણા ગ્રહ પૃથ્વીને કોઈ ગંભીર પ્રતિકુળ અસર ન થાય તે રીતે પૃથ્વીના તમામ લોકોનું જીવનધોરણ સ્વીકૃત સ્તરે કેવી રીતે જાળવી રાખવું ?

ઔદ્યોગિક દેશોમાં ઉત્પાદિત થતી વિજળીનો બે તૃતીયાંશ ભાગ ઈમારતોમાં જ વપરાય છે.બીજુ, ખેતીની પેદાશોના ભંડારણ,તેની તૈયારીઓ અને ટ્રાન્સપોર્ટેશન દ્વારા પણ ઉત્સર્જન ઘણું થાય છે.તેથી પદાર્થો અને ઉર્જાની શહેરીકરણ સાથે વધતી જતી જરુરીયાતોને પગલે ઉત્પાદન કરતાં વપરાશની રીતભાત ઉપર ધ્યાન અપાય તે જરુરી છે.કારણકે કુદતી સંસાધનોનો જે રીતે વપરાશ થાય છે તેની પેટર્ન,ટ્રેન્ડ અને તેને વધારતાં પરિબળોના પૃથ્થકરણને આધારે એ તો નક્કી થયું જ છે કે,કુલ ગ્રીન ગેસ કચરાના ઉત્સર્જનમાં પોણા ભાગનો કચરો શહેરોમાંથી ઉત્સર્જીત થાય છે.વર્ષ ૨૦૧૦ ઈ.સ.માં ઔદ્યોગિક દેશોની ૧૫ ટકા વસ્તી વૈશ્વિક ઊર્જાના કુલ વપરાશની ત્રીજા ભાગની ઊર્જાનો ઉપરાશ કરતી હશે. માત્ર બાયો ડાઈવર્સીટી કે જૈવિક વૈવિધ્ય જ નહી, પરંતુ ગ્લોબલ વોર્મિંગ કે ક્લાઈમેટ ચેન્જ જેવા પડકારોને પહોચી વળવાનો એક માત્ર ઉપાય છે પૃથ્વી ઉપરનું ગ્રીન કવર એટલે કે વૃક્ષોથી આચ્છાદિત પૃથ્વીની મહત્તમ સપાટી એ સદર્ભમાં સામાજિક વનીકરણનો વિચાર ઘણો ઉમદા અને ઉદાત્ત છે. ઉપભોકતાવાદ, શહેરીકરણ,વિકાસ વગેરેને લીધે કારખાના થાય તેની સાથે સાથે વૃક્ષો મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે તો પૃથ્વીને આપણે બચાવી શકીએ.એટલું જ નહી, સારી રીતે જીવાડી પણ શકીએ.

દેશમાં કુલ ભૌગોલિક ક્ષેત્રનો ત્રીજો ભાગ જંગલો અને વૃક્ષોથી આચ્છાદિત રહેવો જોઈએ તેવું ૧૯૯૮ની રાષ્ટ્રીય વન નીતિમાં કહેવાયું છે.ગુજરાતમાં માત્ર ૯.૮૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર જંગલ તરીકે ધોષિત કરાયો છે.રાષ્ટ્રીય સરેરાશ કરતાં આ આંક ખુબજ નીચો છે.તેમ છતાં સામાજિક વનીકરણ ક્ષેત્રે ગુજરાતની કામગીરી દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં એકંદરે ઘણી સારી છે.જંગલ ક્ષેત્ર સિવાયની જમીન પર ગુજરાતમાં ૭૮૩૭ ચો.કિ.મી. જેટલો ભુ -ભાગ વૃક્ષોથી આચ્છાદિત છે, જે ટકાવારીની દષ્ટ્રિએ રાજયના કુલ ભુ ભાગના ચાર ટકા જેટલો છે.જંગલ સિવાય ભુ ભાગ ઉપર ગ્રીન કવર એટલે કે હરિત આચ્છાદાન દેશમાં સરેરાશ માત્ર ૨.૮ ટકા છે.તેની સામે ગુજરાતમાં ચારટકા ગ્રીન કવર છે.દેશમાં સામાજિક વનીકરણમાં ગુજરાત બીજા નંબરે છે.આ ખરેખર સારી કામગીરી કહી શકાય. કારણકે ગુજરાતનો મોટો ભાગનો પ્રદેશ સુકોભટ્ટ છે. અર્ધ મરુ ભુમિ કે મરુ ભુમિ.

ગુજરાતમાં સામાજિક વનીકરણની શરુઆત ૧૯૬૯-૭૦માં થઈ હતી.ગુજરાતની કામગીરીમાંથી અન્ય રાજયોને બોધપાઠ મળે તે માટે સામાજિક વનીકરણ ક્ષેત્રે સૌ પ્રથમ રાષ્ટ્રીય સેમીનાર ૧૯૭૬માં ગાંધીનગરમાં યોજવામાં આવ્યો હતો.ત્યાર બાદ છેક ૩૦-૩૫ વર્ષ બાદ ફેબ્રુઆરી ૨૦૧૧માં ફરીથી ગાંધીનગરમાં જ સામાજિક વનીકરણ વિશેનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. રાજ્યની અડધા ઉપરાંતની વસ્તી ગ્રામીણ ક્ષેત્રોમાં રહે છે. અને બળતણના લાકડા-કોલસો,ઘાસચારો, ઘરવખરી રાખવા માટે ખાના -ખોખાના લાકડુ વગેરે માટે પુરી રીતે જંગલો પર આધારિત છે. તેથી જંગલો સિવાયની જમીન ઉપર સામાજિક વનીકરણની ઝુંબેશ ચલાવવી જરુરી છે. જેથી લોકોની જરુરીયાત સંતોષી શકાય તથા હરિયાળું આચ્છાદાન વધુ સારુ કરી શકાય. ગુજરાતમાં જંગલો સિવાયની જમીન ઉપર વૃક્ષોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. એક આંકડા મુજબ વર્ષ ૨૦૦૩માં આ પ્રકારના જંગલો બહારના વિસ્તારોમાંના વૃક્ષોની સંખ્યા ૨૫.૧ કરોડ હતી તે વર્ષ ૨૦૦૯માં ૨૬.૯ કરોડની થઈ હતી.ગુજરાતમાં જંગલ બહારની જમીન કે હેકટર દીઠ ૧૬ વૃક્ષોની સરેરાશ છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણી વધુ છે.આણંદ, તાપી,મહેસાણા, ગાંધીનગર, ખેડા, સુરત,નવસારી અને વલસાડ જિલ્લાઓ વૃક્ષ-બહુલ જિલ્લાઓ છે.

આ જિલ્લાઓમાં તો હેકટર દીઠ ૩૦ થી વધુ વૃક્ષોની સરેરાશ છે.આણંદ જિલ્લો સૌથી વધુ ૬૮ વૃક્ષોની હેકટર દીઠ સરેરાશ ધરાવે છે.ગુજરાતમાં જંગલ વિસ્તારની બહારના ક્ષેત્રમાંથી મળતા ઈમારતી લાકડાનું ઉત્પાદન ખુબજ સારુ છે.ભારત સરકારના આયોજન પંચ દ્વારા પ્રાયોજિત ભારતીય આંકડાશાસ્ત્ર સંસ્થાના એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૦૮માં ગુજરાતના અર્થતંત્રમાં જંગલ ક્ષેત્ર બહારના વિસ્તારમાંથી મળેલ ઈમારતી લાકડાનું પ્રદાન રુ.૪૩૮૮ કરોડનું હતું.ગુજરાતમાં થોડા દાયકાઓમાં પહેલા બળતણના લાકડાં અને ઈમારતી લાકડાન અછત રહેતી હતી.સામાજિક વનીકરણને લીધી હાલ ગુજરાતમાં બળતણ અને ઈમારતી લાકડા પુરતા મળે છે. અને તેમાં આપણે સરપ્લસ છીએ.ગુજરાતમાં સામાજિક વનિકરણ પ્રવૃત્તિનો વેગ ટકાવી રાખવા માટે વન વિસ્તારની બહારની જમીનમાં વૃક્ષોની સંખ્યા જે હાલમાં ૨૬.૯ કરોડ છે તે આવનારા વર્ષોમાં ૩૫ કરોડ સુધી લઈ જવાનું લક્ષ્યાંક છે.

જીવસૃષ્ટિ એટલે માત્ર માણસો નહીં,પશુઓ,પક્ષીઓ,જીવજંતુઓ અને નરી આંખે નહીં જોઈ શકાતી જીવાતો વિગેરે પણ.આ જૈવિક વૈવિધ્ય કહેતાં બાયો ડાઈવર્સીટીનું સમતોલન

અનું. પાન નં. ૩ ઉપર

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



એક પબ્લીક ઈન્ટરેસ્ટ લીટીગેશન(પીઆઈએલ)સામે સેન્ટ્રલ ગર્વમેન્ટ અને દિલ્હી પોલીસે દિલ્હી હાઈકોર્ટમાં એક એફીડેવીટ દાખલ કરી હતી.જેમાં કોર્ટને જણાવાયું હતું કે દિલ્હીમાં આવેલ તમામ લઘુમતિઓના સ્થાનો,સ્કુલો અને ચર્ચો પર સલામતી માટે પુરતા પગલાં લેવાયા છે અને બંદોબસ્ત કરેલ છે.

પીઆઈએલ ફાઈલ કરનાર વકીલ રીગન એસ બીલ, દ્વારા સત્તાવાળાઓને પુછવામાં આવ્યુ હતું કે પ્રાર્થના સ્થળોને જે નુકશાન પહોચ્યું છે તેને અસલ સ્થિતિમાં લાવવા માટે વળતર આપવામાં આવશે કે કેમ.સરકાર દ્વારા ચર્ચો પર કરાયેલ હુમલા માં સલામતી આપવામાં નિષ્ફળતા અને તેમની જવાબદારી બાબતે દલીલો કરાઈ હતી.પીઆઈએલમાં પુછવામાં આવ્યું હતું કે દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસ સામે કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ ? કારણકે તેઓ તેમની જવાબદારી નિભાવવામાં સદંતર નિષ્ફળ ગયા છે.ડિસેમ્બર માસમાં જ દિલ્હીમાં છ ચર્ચોને તોડીને નુકશાન પહોચાડાયુ હતું છતાં પણ એક પણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી નહોતી.

ડીવીઝન બેંચ ચીફ જસ્ટીસ જી. રોહીની અને જસ્ટીસ જયંત નાથ આ પીઆઈએલનું હીયરીંગ કરી છે.જો કે સેન્ટ્રલ ગર્વમેન્ટ તરફતી કોન્સલ અનિલ સોની દ્વારા એક એફીડેવીટ ફાઈલ કરાઈ હતી જેમાં જણાવાયું હતું કે ખાસ કરીને ડીસીપી, એસએચઓ જેવા પોલીસ અધિકારીઓને ખાસ સુચના આપવામાં આવી છેકે તેઓ આ સ્થળો ઉપર સલામતીની વ્યવસ્થા ઉપર ખાસ ધ્યાન રાખે.તમામ ચર્ચો અને લઘુમતિ શિક્ષણ સંસ્થાઓને રાઉન્ડ ધ ક્લોક સીક્યુરીટી આપવામાં આવી રહી છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.